જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૧૨/૨૦૧૭ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૫૫૦/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૧૫ કેસ કરી, ૧૩ વ્યક્તિઓને ઝડપી, ૩૦ લીટર દેશી દારૂ, ૦૮ બોટલ ઇંગ્લીશ દારૂ, ૪૮ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૧૨ બીયરટીન અને ૦૧ એક્ટીવા કબજે કર્યું હતુ તેમજ જુગારધારા હેઠળ ૦૬ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૩૩,૪૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૫૫૧/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ હેઠળ ૦૧ વ્યક્તિને અને પાસા મુજબ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>પર્સ ઝુંટવી લઇ ગયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૫૫૨/૧૭</u>**

**બાપુનગર :** હરીશકુમાર વિરાભાઇ પરમાર (ઉ.વ.૬૩)(રહે,અરવિંદ સોસાયટી જુની પોલીસ લાઇન સામે અનિલ સ્ટાર્ચ રોડ બાપુનગર) તા.૧૯/૧૨/૧૭ ના કલાક ૧૧/૪૫ વાગ્યાના સુમારે મનપસંદ ડાયમંડ માર્કેટ પાસે રોડ ઉપરથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ હરીશકુમારના હાથમાંથી રોકડ રૂપિયા ૨૭,૦૦૦/- ભરેલ પાકિટ ખેંચી ઝુંટવી લઇ નાસી ગયા હતા આ ગુનાની ફરીયાદ હરીશકુમાર પરમારે બાપુનગરપોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.પી.તરેટીયા ચલાવે છે.

**<u>ઘરફોડ ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૫૫૩/૧૭</u>**

**ચાંદખેડા :** રણવિરસિંહ કરણસિંહ વાઘેલા (ઉ.વ.૨૭)(રહે,અમર સ્ટુડીયોની સામે, પટેલ ડેરી વાળી ગલીમાં, જનતાનગર ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૧૨/૧૭ ના કલાક ૧૧/૦૦ થી તા.૧૯/૧૨/૧૭ બપોરના ૧/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરના મુખ્ય દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, ઘરમાંથી બેડરૂમની તિજોરીમાંથી સોના-ચાંદીનાં દાગીના કિંમત રૂપિયા ૬૦,૦૦૦/- મતાના ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી એન.કે.રાઠવા ચલાવે છે.

**રામોલ :** રાહુલકુમાર ઇશ્વરભાઇ પ્રજાપતિ (ઉ.વ.૨૭)(રહે,રો હાઉસ નંબર-૧૬ સ્વામીનારાયણ પાર્ક વિભાગ-૨ સહજ રેસીડેન્સીની સામે વસ્ત્રાલ) એ તા.૧૯/૧૨/૧૭ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૧૨/૧૭ ના કલાક ૦૦/૦૦ થી સવારના ૬/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ઘરમાંથી સેમસંગ કંપનીનું એલ.ઇ.ડી ટી.વી. કિંમત રૂપિયા ૧૫,૦૦૦/-, ડેલ કંપનીનું લેપટોપ કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- તથા ચાંદીના છડા ૧૦ તોલા વજનના કિંમત રૂપિયા ૪,૦૦૦/-, બે પગના વેટલા માછલીઓ કિંમત રૂપિયા ૧,૦૦૦/-, સોનાની ચુની ક્મિત રૂપિયા ૫૦૦/-, ચાર જોડી ડ્રેસના કાપડ કિંમત રૂપિયા ૨,૦૦૦/-, બજાજ કંપનીની ઇસ્ત્રી કિંમત રૂપિયા ૪૦૦/-, ડબલ બેડની ચાદર કિંમત રૂપિયા ૫૦૦/-, લેડીઝ પર્સ કિંમત રૂપિયા ૧૦૦/-, નોકીયા કિ-પેડ મોબાઇલ કિંમત રૂપિયા ૧,૦૦૦/- તથા રોકડા રૂપિયા ૮૬૦૦/-મળી કુલ રૂપિયા ૫૮,૧૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.આર.રહેવર ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.